# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## શેરડીનો મીઠો સ્વાદ અને કડવી વાણી






એક સુંદર અને શાંત ગામમાં રામજીભાઈ નામના એક ખેડૂત રહેતા હતા. તેઓ ખેતીકામમાં ખૂબ મહેનતુ અને દિલના સાફ હતા, પણ તેમનો એક મોટો દોષ એ હતો કે તેમનો સ્વભાવ અતડો હતો અને તેમની વાણી ખૂબ કડવી હતી. નાની-નાની વાતમાં તેઓ લોકો પર ગુસ્સે થઈ જતા અને કડવા વેણ સંભળાવી દેતા. આ કારણે ગામનો કોઈ પણ માણસ તેમની સાથે ઝાઝી વાત કરવાનું પસંદ કરતો નહીં અને લોકો તેમનાથી દૂર જ રહેતા. રામજીભાઈ મનમાં ને મનમાં એકલવાયાપણું અનુભવતા, પણ પોતાની ભૂલ સમજી શકતા નહોતા. શિયાળાના દિવસો હતા. રામજીભાઈ પોતાના ખેતરમાંથી તાજી કાપેલી શેરડીના સાંઠાનો ભારો માથે ઉપાડીને ઘરે તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં ગામના પાદરે કેટલાક નાના બાળકો રમી રહ્યા હતા. રામજીભાઈને આવતા જોઈને બાળકો રમવાનું બંધ કરીને એકતરફ ખસી ગયા અને ડરના માર્યા ચૂપચાપ ઉભા રહી ગયા.

રામજીભાઈએ આ જોયું. તેમણે માથેથી શેરડીનો ભારો નીચે મૂક્યો અને એક નાના બાળકને પોતાની પાસે બોલાવ્યો. તેમણે નમ્ર બનવાનો પ્રયત્ન કરતા પૂછ્યું, "બેટા, તમે બધા મને જોઈને કેમ દૂર ભાગી ગયા? શું તમને મારી ડર લાગે છે?" તે નાનકડા બાળકે નિર્દોષતાથી રામજીભાઈના હાથમાં રહેલી શેરડી તરફ આંગળી ચિંધીને કહ્યું, "કાકા, તમારા ખેતરની આ શેરડી તો ખૂબ મીઠી હોય છે અને અમને બહુ ભાવે છે. પણ તમારી વાણી આ શેરડીની બહારની કડક છાલ જેવી કડવી અને વાગે તેવી હોય છે! તમે જ્યારે બોલો છો ત્યારે બહુ ગુસ્સામાં બોલો છો, એટલે અમને તમારી પાસે આવતાં ડર લાગે છે."

> **રામજીભાઈએ આ જોયું. તેમણે માથેથી શેરડીનો ભારો નીચે મૂક્યો અને એક નાના બાળકને પોતાની પાસે બોલાવ્યો. તેમણે નમ્ર બનવાનો પ્રયત્ન કરતા પૂછ્યું, "બેટા, તમે બધા મને જોઈને કેમ દૂર ભાગી ગયા? શું તમને મારી ડર લાગે છે?"**

નાના બાળકના આ માર્મિક શબ્દો રામજીભાઈના દિલમાં સોંસરા ઉતરી ગયા. તેઓ સ્તબ્ધ થઈ ગયા. તેમણે હાથમાં રહેલા શેરડીના સાંઠા તરફ ઊંડાણપૂર્વક જોયું. શેરડી બહારથી કેટલી બરછટ, કઠોર અને વાગે તેવી હતી, છતાં તેની અંદર કેટલો મધુર અને મીઠો રસ ભરેલો હતો! રામજીભાઈને તે જ ક્ષણે જીવનનો મોટો પાઠ સમજાઈ ગયો. તેમને અહેસાસ થયો કે અંદરથી ગમે તેટલા સારા હોઈએ, પણ જો વાણીમાં કડવાશ હોય તો લોકો આપણાથી દૂર થઈ જાય છે. જેમ શેરડીનો સાચો ગુણ અને મૂલ્ય તેની અંદર રહેલા મીઠા રસમાં છે, તેમ મનુષ્યના સાચા વ્યક્તિત્વની ઓળખ તેની નમ્ર અને મીઠી વાણીમાં જ છે. તે દિવસ પછી રામજીભાઈનું જીવન બદલાઈ ગયું. તેમણે પોતાના ગુસ્સા અને કડવાશને તિલાંજલિ આપી દીધી. તેઓ ગામના દરેક નાના-મોટા વ્યક્તિ સાથે પ્રેમ, નમ્રતા અને મીઠાશથી વાત કરવા લાગ્યા. ધીમે ધીમે ગામલોકો પણ તેમની નજીક આવ્યા અને રામજીભાઈનું એકલવાયાપણું કાયમ માટે દૂર થઈ ગયું.

**બોધ:** શારીરિક ઘા તો સમય જતાં રુઝાઈ જાય છે, પરંતુ કડવી વાણીથી મન પર પડેલો ઘા આજીવન રુઝાતો નથી. મધુર વાણી એ સંબંધોને જોડનારું અમૃત છે. આપણે પણ શેરડીની જેમ બહારથી ગમે તેવા કઠોર પરિસ્થિતિમાં હોઈએ, પણ આપણી વાણીમાં સદા મીઠાશ અને નમ્રતા જ રાખવી જોઈએ.

## વિમાનમાં ફ્લશ કરેલો કચરો ક્યાં જાય છે?




હવાઈ સફર કરનારા અનેક લોકોના મનમાં ક્યારેક ને ક્યારેક એ સવાલ જરૂર આવ્યો હશે કે, હજારો ફૂટની ઊંચાઈએ ઉડી રહેલા વિમાનમાં જ્યારે પેસેન્જર ટોઇલેટનો ઉપયોગ કરે છે, ત્યારે તે વેસ્ટ (માનવ મળ-મૂત્ર) ક્યાં જાય છે? શું ટ્રેનની જેમ પ્લેનમાંથી પણ આ કચરો સીધો આકાશમાંથી નીચે જમીન પર ફેંકી દેવામાં આવે છે? સોશિયલ મીડિયા પર આ વિષયને લઈને ઘણી અફવાઓ અને ગેરસમજો ફેલાયેલી છે, પરંતુ સત્ય કંઈક અલગ જ છે અને તેની પાછળ ખૂબ જ અદ્યતન એન્જિનિયરિંગ કામ કરે છે.

આપણે ઘરમાં જે ટોઇલેટ વાપરીએ છીએ તેના કરતાં વિમાનના ટોઇલેટની કાર્યપદ્ધતિ તદ્દન અલગ હોય છે. આધુનિક વિમાનોમાં સામાન્ય રીતે વેક્યુમ ફ્લશિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. ફ્લશ બટન દબાવતા જ એક શક્તિશાળી વેક્યુમ સક્શન કામ કરવા લાગે છે અને કચરાને પાઇપો દ્વારા ખૂબ જ ઝડપથી અંદર ખેંચી લે છે. ફ્લશ કર્યા પછી તરત જ સંભળાતો વિશેષ 'વૂશ' કે જોરદાર અવાજ આ વેક્યુમ સિસ્ટમને કારણે જ આવે છે.



આ સિસ્ટમ ખૂબ જ ઓછા પાણીનો ઉપયોગ કરીને કચરાને ઝડપથી આગળ મોકલવાનું કામ કરે છે. તેથી જ ઘરના ટોઇલેટની સરખામણીએ વિમાનના ટોઇલેટના ફ્લશનો અવાજ વધારે અને વધુ શક્તિશાળી લાગે છે. પાણીનો ઓછો ઉપયોગ થવાથી વિમાનમાં વધારાનું પાણી લઈ જવાની જરૂરિયાત પણ ઘટી જાય છે.

ફ્લશ કર્યા પછી કચરો બંધ પાઇપો દ્વારા વિમાનની અંદર જ બનાવવામાં આવેલી વેસ્ટ હોલ્ડિંગ ટેન્કમાં પહોંચી જાય છે. આ ટેન્ક એવી રીતે ખાસ ડિઝાઇન કરવામાં આવી છે કે, વિમાનની મુસાફરી દરમિયાન કચરો બહાર લીક ન થાય અને સુરક્ષિત રીતે સ્ટોર રહે, એટલે કે વિમાન હજારો ફૂટની ઊંચાઈએ ઉડી રહ્યું હોય તે સમયે પણ ટોઇલેટનો કચરો બહાર જવાની કોઈ શક્યતા હોતી નથી. વિમાનની ટોઇલેટ સિસ્ટમમાં પાણીનો વપરાશ ઘટવો એ બીજો એક મોટો ફાયદો છે. વેક્યુમ સિસ્ટમ મોટાભાગનું કામ કરતી હોવાથી સામાન્ય ટોઇલેટ કરતાં ખૂબ જ ઓછા પાણીમાં ફ્લશિંગ પૂરું થઈ જાય છે. આનાથી વિમાનનું વજન ઘટાડવામાં પણ મદદ મળે છે, કારણ કે વિમાને લઈ જવું પડતું પાણી ઘટે તો તેના કુલ વજન પર પણ સારો પ્રભાવ પડે છે.

## બર્થડે



નામ : રેયાંશ પટેલ
માતા : બિનલ પટેલ



નામ : મો. અમ્માર મુલ્લા
માતા : મિસ્બા મુલ્લા

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q 1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 1 | | 9 | | 7 | = | 20 |
| 2) | 4 | | 5 | | 8 | | 6 | = | 02 |
| 3) | 6 | | 4 | | 2 | | 9 | = | 36 |

### CHANGE THE WORD (Q 2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| P | I | N |

### CHHOTA SUDOKU (Q 3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 7 | |
| | | |
| | 8 | |

વર્તુળો: 17, 16, 17, 24

### BROKEN WORDS (Q 4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને મકાનના જુદી જુદી જગ્યાઓના 7 નામ બનાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| BA | AN | DI | SE | CL | NG |
| NT | OS | RO | DR | TR | ET |
| OOM | DEN | EN | CE | ME | |
| BA | BE | NI | TH | OM | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 3 અક્ષર | 1 |
| 4 અક્ષર | 1 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 2 |
| 10 અક્ષર | 1 |

જવાબ
1. DEN
2. BATH
3. CLOSET
4. BEDROOM
5. BASEMENT
6. ENTRANCE
7. DINING ROOM

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | + | 1 | × | 9 | - | 7 | = | 20 |
| 2) | 4 | × | 5 | - | 8 | ÷ | 6 | = | 02 |
| 3) | 6 | - | 4 | + | 2 | × | 9 | = | 36 |

Q 2

| | | |
|---|---|---|
| L | A | D |
| L | A | D |
| P | A | N |
| P | I | N |

Q 3

| | | |
|---|---|---|
| 4 | 7 | 2 |
| 5 | 1 | 6 |
| 3 | 8 | 9 |

વર્તુળો: 17, 16, 17, 24

## શબ્દો શોધો

